**એકલવ્ય એ એક ઓનલાઇન શૈક્ષણિક કાર્યક્રમ છે, જેની અંદર :**

- hands-on ગતિવિધિઓ, પ્રોજેક્ટ્સ, વિવિધ મોડેલ્સ હશે જેનાથી મુશ્કેલ વિષયોને સરળ બનાવવામાં મદદ થશે.
- સમજણ પર ભાર મૂકે તેવા સવાલો જેનાથી out-of-box અને રચનાત્મકતા વધે. (ઉદાહરણ તરીકે નીરજ ચોપરાએ ભાલો ૩૬ ડિગ્રી ના ખૂણે કેમ ફેકયો ? ન્યુટનની ગતિના સિદ્ધાંતો નીરજ ચોપડાના ભાલાથી)
- DIY પ્રોજેક્ટ્સ, જે સરળતાથી મળી શકે તેવી વસ્તુઓથી બનાવી શકાય અને પાઠયક્રમને રોજીંદા જીવનથી જોડી શકાય.

શાળાનાં આચાર્યશ્રી/મુખ્ય શિક્ષકશ્રી તેઓની શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આ કાર્યક્રમમાં રજિસ્ટર કરવા માટે પ્રોત્સાહિત કરે. આ અંગે કોઈપણ પ્રકારની પૂછપરછ માટે ઇ-મેઇલ eklavya@iitgn.ac.in અથવા 079-23952240 પર સંપર્ક કરી શકશે.

ઉક્ત કાર્યક્રમની જાણ આપના જિલ્લાની તમામ શાળાઓને કરી વધુમાં વધુ શિક્ષકો - વિદ્યાર્થીઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા વિનંતી છે.

સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

ક્રમાંક — ૬૪૦૨૩
તારીખ — ૦૮/૧૦/૨૧
શાખા — RMSA

પ્રતિ શ્રી
આચાર્યશ્રી,

જિલ્લાની તમામ ૯ થી ૧૨ શાળાઓ તરફ
જાણ અને અમલ સારું...

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ, સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર
ફોન નં: ૦૭૯-૨૩૨૪૩૧૩૩
E-mail : gecell@gmail.com
Toll Free No.1800-233-7965

ક્રમાંક: એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૧/ ૩૨૬૬૫ - ૭૩૭ તા: ૨૮/૦૯/૨૦૨૧

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા: તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની જિલ્લા: તમામ
શાસનાધિકારીશ્રી-અમદાવાદ, રાજકોટ, વડોદરા,સુરત

**વિષય : 3030 એકલવ્ય શ્રેણી કાર્યક્રમમાં ભાગ લેવા બાબત.**

**સંદર્ભ : સ્કૂ.શિ.સા.વિભાગ, શિક્ષા મંત્રાલયનો પત્રક્રમાંક:Do.No.1-4/2021-IS.8, તા:23/09/21**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નો ઉદ્દેશ્ય શિક્ષણ પ્રણાલીમાં મૂળભૂત સુધારા લાવવાનો છે. તેમાં બાળકોની રચનાત્મકતા, out-of-box વિચારસરણી, વૈચારિક સમજ પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. આ જ દિશામાં કામ કરવા માટે, CBSE અને IIT ગાંધીનગર સાથે મળીને 26 સપ્ટેમ્બર થી દર રવિવાર ૪-૫ વાગે youtube પર (https://youtu.be/kcq7Z2T8Ndk) એકલવ્ય શ્રેણી ચાલુ કરી રહ્યું છે. આ કાર્યક્રમ થકી મુશ્કેલ વિષયોને સરળતાથી સમજવામાં મદદ થશે અને તેનો કોન્સેપ્ટ સ્પષ્ટ થઈ જશે.

કાર્યક્રમમાં ધોરણ ૬ થી ૧૨ ના વિજ્ઞાન અને ગણિતના વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવશે. આ શ્રેણી થકી વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં વૈજ્ઞાનિક વિચારશૈલી અને શોધખોળીય ક્ષમતાઓમાં વધારો થશે. મુશ્કેલ વિષયોની સમજૂતી સરળ થઈ શકે તે માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ કાર્યક્રમમાં રજીસ્ટર કરાવે. કાર્યક્રમને જોવાનું અને ભાગ લેવાનું નિશુલ્ક છે. પ્રમાણપત્ર માટે ૧૦૦/- રૂપિયા શુલ્ક છે. વિદ્યાર્થીઓને Participation Certificate IIT અને CBSE દ્વારા આપવામાં આવશે. શિક્ષકોને ૩૦ કલાકની શિક્ષક તાલીમ અથવા Teacher Training Certificate આપવામાં આવશે. કાર્યક્રમની વિગતો નીચે અનુસાર છે:

| | |
|---|---|
| કાર્યક્રમ | 3030 એકલવ્ય શ્રેણી (રજીસ્ટ્રેશન ઓપન તા:૦૫/૦૯/૨૧)<br>Program Intro video, https://tinyurl.com/EklavyaIntro |
| સમય | લાઈવ દર રવિવાર સાંજે ૪-૫ |
| આયોજક | CBSE અને CCL IIT Gandhinagar |
| ભાગ લેવા માટે | નિશુલ્ક (રજીસ્ટ્રેશન ફરજિયાત છે) |
| રજીસ્ટ્રેશન અને સર્ટિફિકેટ | કાર્યક્રમ ની વેબ-સાઇટ પર જાઓ<br>https://ccl.iitgn.ac.in/eklavya અથવા<br>https://cbseacademic.nic.in/eklavya.html |
| લાઈવ એપિસોડ | પ્રથમ એપિસોડ (૨૬ સપ્ટેમ્બર) : નીરજ ચોપરા and ન્યુટનના ગતિના સિદ્ધાંતો<br>https://youtu.be/kcq7Z2T8Ndk<br>યૂટ્યૂબ ચેનલ - https://www.youtube.com/IITGNCCL |
| સર્ટિફિકેટ | Participation સર્ટિફિકેટ બધા ભાગ માટે (₹ 100 + ટેક્સ)<br>Competency સર્ટિફિકેટ સમગ્ર કાર્યક્રમ માટે (₹ 100 + ટેક્સ) |

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
2362